# સાયન્સ સેન્ટર ન્યુઝ લેટર

જૂન ૨૦૧૯
અંક-૫૦

સાયન્સ સેન્ટર

વોલ્યુમ-૫, ઈશ્યુ-૦૨

## વિજ્ઞાનમાં નવીન ખોજ

**હવામાનનો પલટોઃ વૈજ્ઞાનિકોએ કાર્બન ડાયોકસાઈડને ફરી કોલસામાં રૂપાંતર કર્યો.**

ઓસ્ટ્રેલિયાના મેલબોર્નની RMIT (રોયલ મેલબોર્ન ઈન્સ્ટિટયૂટ ઑફ ટેક્નોલોજી)ની સંશોધન ટુકડીએ નવી પદ્ધતિ શોધી કાઢી જે વાયુમાંના કાર્બન ડાયોકસાઈડને કાર્બનના નકકર કણોમાં ખૂબજ અસરકારક રીતે રૂપાંતર કરે છે.

નેચર કોમ્યુનિકેશન જર્નલમાં પ્રસિધ્ધ થયેલ સંશોધન આપણા વાતાવરણમાં સુરક્ષિત રીતે અને કાયમી ગ્રીન હાઉસ વાયુ દૂર કરવા માટેનો વૈકલ્પિક માર્ગ રજૂ કરે છે.

RMIT ના સંશોધક ડૉ. ટોર્બેન ડેનેકના જણાવ્યા મુજબ કાર્બન ડાયોકસાઈડનું ઘનમાં રૂપાંતર એ ખૂબજ ટકાઉ અભિગમ છે.




કાર્બનનું રૂપાંતર કેવી રીતે કાર્ય કરે છે?

RMITની સ્કૂલ ઑફ એન્જીન્યરીંગના ઉપ-કુલપતિના રીસર્ચ ફેલો અને મુખ્ય લેખક ડૉ. ડોર્ના એસ્ફાફિલ્ડે એવી વિદ્યુતરાસાયણિક પદ્ધતિનો વિકાસ કર્યો કે જે વાતાવરણના કાર્બન ડાયોકસાઈડને ભેગા કરી તેને સંગ્રહ કરી શકાય તેવા ઘન કાર્બનમાં રૂપાંતરીત કરી શકે. કાર્બન ડાયોકસાઈડનું રૂપાંતર કરવા માટે, સંશોધનકારોએ ચોકકસ સપાટીના ગુણધર્મ ધરાવતા પ્રવાહી ધાતુ ઉત્પ્રેરકની યોજના બનાવી જે તેને જયારે સપાટી રાસાયણિક રીતે સક્રિય કરીએ ત્યારે અત્ત્યંત અસરકારક રીતે વિદ્યુતનું સુવાહક બનાવે છે.

કાર્બન ડાયોકસાઈડને ઈલેકટ્રોલાઈટ પ્રવાહી અને થોડાં પ્રમાણમાં પ્રવાહી ધાતુ ભરેલા બીકરમાં પીગાળવામાં આવે છે અને ત્યારબાદ તેને વિદ્યુત પ્રવાહ વડે ચાર્જ કરવામાં આવે છે.

કાર્બન ડાયોકસાઈડ ધીરે ધીરે કાર્બનના ઘન ટુકડાઓમાં રૂપાંતર પામે છે, જેને પ્રવાહી ધાતુની સપાટી પરથી પ્રાકૃત્તિક રીતે છૂટું પાડવામાં આવે છે જે કાર્બન ધરાવતા ઘનના સતત ઉત્પાદનને મંજૂરી આપે છે.

આ સંશોધન RMITના માઈક્રોનેનો રીસર્ચ ફેસીલીટી અને RMIT માઈક્રોસ્કોપી ઍન્ડ માઈક્રોએનાલીસિસ ફેસીલીટીમાં માનાદ્ RMIT અને ARC(ઓસ્ટ્રેલિયન રીસર્ચ કાઉન્સિલ )ના વિજેતા ફેલો અને મુખ્ય સંશોધક પ્રોફેસર કુરોશ કલંતર-ઝેડહ સાથે કરવામાં આવ્યું હતું.

સંશોધન ઓસ્ટ્રેલિયન રીસર્ચ કાઉન્સિલ સેન્ટર ફોર ફ્યુચર લો-એનર્જી ઈલેકટ્રોનિકસ ટેકનોલોજીસ્ (FLEET) અને ARC સેન્ટર ઑફ એકસલન્સ ફોર ઈલેકટ્રોમટીરીયલ્સ સાયન્સ (ACES) દ્વારા સમર્થિત છે.

સૌજન્યઃ મહર્ષિ નાગાર્જુન પ્રાથમિક શાળા ક્રમાંક-૨૩૬

## આ માસના વૈજ્ઞાનિક

### બદનવાલ વેંકટ શ્રીકાંતન

બદનવાલ વેંકટ શ્રીકાંતનનો જન્મ કર્ણાટકના નનજંગુડમાં ૩૦ જૂન ૧૯૨૫માં થયો હતો. તેમણે ઈ.સ. ૧૯૫૪માં તેમનું ડોકટરેટ બોમ્બેમાંથી પૂર્ણ કર્યુ હતું. ત્યારબાદ તેઓ ટાટા ઈન્સ્ટિટયુટ ઓફ ફન્ડામેન્ટલ રીસર્ચ (TIFR)માં પ્રોફેસર અને બાદમાં ડાયરેકટર બન્યા હતા.



બદનવાલ વેંકટ શ્રીકાંતને elementary particle physics, extensive air showers, high energy interactions, deep underground studies in Kolar Gold Fields on microns and neutrons, X-ray and Gamma ray astronomy with balloons rockets and satellite વિગેરેમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યુ હતું. વિશ્વમાં બાંધવામાં આવેલી સૌથી મોટી કલાઉડ ચેમ્બરોમાંના એકનો ઉપયોગ કરીને તેમણે ભારતમાં શાવરના પ્રયોગોનું આયોજન કર્યું હતું. તેમની ટીમ દ્વારા કોલાર સોનાના ક્ષેત્રમાં હાથ ધરાયેલા પ્રોટોન વિઘટનના પ્રયોગોને કારણે તેઓને ગ્રાન્ડ યુનીફિકેશન થીયરીને સાબિત કરવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ પ્રાપ્ત થઈ હતી.

ડો. શ્રીકાંતને ઈ.સ. ૧૯૭૭માં સી.વી.રામન એવોર્ડ, ઈ.સ. ૧૯૮૨માં હોમી ભાભા મેડલ અને આર. ડી. બિરલા મેમોરિયલ એવોર્ડ મળ્યો હતો. તેઓને ઈ.સ. ૧૯૮૮માં પદ્મભૂષણથી નવાજવામાં આવ્યા હતા.

સૌજન્યઃ મહર્ષિ નાગાર્જુન પ્રાથમિક શાળા ક્રમાંક-૨૩૬

SCIENCE CENTRE SCS SURAT

**પ્રકાશક**
**એમ. થેન્નારસન**
આઈ.એ.એસ.
મ્યુનિસિપલ કમિશ્નર

**સંપાદક**
**એ. એમ. દુબે**
એડી. સીટી ઈજનેર
(સિવિલ)

**સહ સંપાદક**
**ભામિની મહિડા**
ચીફ કયુરેટર

**દિવ્યેશ ગામેતી**
કયુરેટર (સાયન્સ)

**સંયોજક**
**ડૉ. પૃથુલ દેસાઈ**
પ્રિન્સીપાલ
પી.ટી.સાયન્સ કૉલેજ

सूरत महानगर पालिका
बहुजनहिताय बहुजनसुखाय

SCIENCE CENTRE
SCS
SURAT

**સમય**
મંગળવાર થી શુક્રવાર
સવારે ૯.૩૦ થી સાંજે ૪.૩૦

શનિવાર, રવિવાર
તથા
જાહેર રજાના દિવસે
સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૩૦

**સરનામું**
સાયન્સ સેન્ટર સુરત
સિટીલાઈટ રોડ,
સુરત - ૩૯૫ ૦૦૭

**ફોન નં.**
૦૨૬૧ - ૨૨૫૫૯૪૭
+૯૧ ૯૭૨૭૭ ૪૦૮૦૭

**ફેક્ષ નં.**
૯૧-૨૬૧-૨૨૫૫૯૪૬

**ઈ-મેઈલ**
sciencecentre@suratmunicipal.org

**વેબ સાઈટ**
www.suratmunicipal.gov.in

सूरत महानगर पालिका
बहुजनहिताय बहुजनसुखाय

## સાયન્સ ફેક્ટ જૂન-૨૦૧૯

| | |
|---|---|
| ૧ જૂન | "આંતરરાષ્ટ્રીય બાળદિન" |
| ૫ જૂન | "વિશ્વ પર્યાવરણ દિન" |
| ૫ જૂન ૧૭૮૩ | પ્રાથમિક બલુનની શોધ થઈ અને તેનું પ્રથમ ઉડ્યન કરવામાં આવ્યું |
| ૬ જૂન ૨૦૧૨ | "શુક્રનું સંક્રમણ" ની ખગોળીય ઘટના બની હતી |
| ૭ જૂન ૧૮૧૧ | જેમ્સ યંગ સિમ્પસ (ક્લોરોફોર્મના શોધક)નો જન્મ |
| ૭ જૂન ૧૯૭૯ | ભારતે નાની પરિભ્રમણ કક્ષા ધરાવતો પૃથ્વીનું અવલોકન કરનારો ઉપગ્રહ "ભાસ્કર" અવકાશમાં તરતો મુકાયો |
| ૮ જૂન | "વિશ્વ બ્રેઈન ટ્યુમર દિવસ" |
| ૮ જૂન | "વિશ્વ મહાસાગર દિવસ" |
| ૮ જૂન ૧૯૩૬ | "ઈન્ડિયન સ્ટેટ બ્રોડકાસ્ટીંગ સર્વિસ" (ISBS)નું નવું નામ "ઓલ ઈન્ડિયા રેડિયો" (AIR) કરવામાં આવ્યું |
| ૧૦ જૂન | "બોલપોઈન્ટ પેન દિવસ" |
| ૧૧ જૂન ૧૯૬૩ | પ્રથમ મહિલા અવકાશયાત્રી વેલેન્ટીના પોતાની અવકાશયાત્રા પુરી કરી પૃથ્વી પર પરત આવી |
| ૧૨ જૂન | "વિશ્વ બાળ મજુરી વિરોધ દિન" |
| ૧૨ જૂન ૧૮૭૨ | જાપાનમાં રેલ્વેટ્રેનની શરૂઆત થઈ |
| ૧૪ જૂન | "વિશ્વ રક્તદાતા દિન" |
| ૧૫ જૂન ૧૭૫૨ | મહાન વૈજ્ઞાનિક બેન્જામીન ફ્રેન્કલીને આ દિવસે પતંગનો પ્રયોગ કર્યો |
| ૧૬ જૂન ૨૦૧૯ | જૂનના ત્રીજા રવિવારને "વિશ્વ પિતૃ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે |
| ૧૯ જૂન | "વિશ્વ સિકલસેલ એનિમીયા જાગૃતિ દિવસ" |
| ૨૧ જૂન | આ દિવસ ઉત્તર ગોળાર્ધનો વર્ષનો સૌથી લાંબો દિવસ અને દક્ષિણ ગોળાર્ધની વર્ષની સૌથી લાંબી રાત્રી છે કારણ કે સૂર્યના કિરણો આ દિવસે ઉત્તર ગોળાર્ધમાં સીધા પડે છે |
| ૨૨ જૂન ૧૯૭૩ | સ્કાયલેબનાં અવકાશયાત્રીઓએ ૨૮ દિવસ સુધી પૃથ્વીની પરિક્રમા કર્યા બાદ પ્રશાંત મહાસાગરમાં ઉતરાણ કર્યુ |
| ૨૩ જૂન | યુનાઈટેડ નેશન્સ પબ્લિક સર્વિસ દિવસ (યુ.એન.) |
| ૨૪ જૂન ૧૯૬૧ | પ્રથમ ભારતીય "સુપર સોનિક ફાયટર એ" નું સફર ઉડ્ડયન |
| ૩૦ જૂન ૧૮૮૦ | એક હજાર વર્ષનું લાંબામાં લાબું ખગ્રાસ સૂર્યગ્રહણ થયું |

UN : યુ. એન. : યુનાઈટેડ નેશન્સ, WHO : વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન

# ફન સાયન્સ ગેલેરી એકઝીબીટને ઓળખો

## શ્રવણ શકિતની ચકાસણી




સૌ પ્રથમ 'Restart the test' બટન દબાવો જેનાં દ્વારા ચકાસણી શરૂ થશે. પ્રથમ હરોળમાં આવૃત્તિ વધતી જશે (લીલો કલર વધતો જશે). જયારે તમે સ્પીકરમાંથી અવાજ સાંભળો ત્યારે વચ્ચેનું બટન 'Click here if you hear a sound' દબાવો. આવૃત્તિ બીજી હરોળમાં જતી રહેશે અને પાછી આવૃત્તિ (લીલો કલર) વધતી જશે. જયારે તમે ફરી અવાજ સાંભળો ત્યારે ફરીથી 'Click here if you hear a sound' બટન દબાવો. આ રીતે બધી હરોળ પૂર્ણ કરો. અંતે 'Check Result' બટન દબાવો. પીળા કલરની લાઈન નમૂના રૂપ ઉત્તર (જવાબ) બતાવે છે. જયારે ગુલાબી કલરની લાઈન તમારો ઉત્તર (જવાબ) બતાવે છે. જો પીળા કલરની લાઈન અને ગુલાબી કલરની લાઈન મેચ થતી હોય તો તમારો પ્રતિભાવ (ઉત્તર) સારો છે એમ કહી શકાય.



# વૈજ્ઞાનિક પ્રશ્ન

## માનવ શરીરમાં ચકૃતની શું ભૂમિકા હોય છે?

ચકૃત શરીરમાં સૌથી આવશ્યક અંગોમાંનું એક છે. તે મોટું માંસયુકત અંગ છે જે પેટની જમણી બાજુએ આવેલું હોય છે. માનવ ચકૃતનું સરેરાશ વજન લગભગ એક કિલોગ્રામ હોય છે. ચકૃત લાલાશ પડતા કથ્થઈ રંગનું અને સ્પર્શ કરતા રબર જેવું લાગે છે. સામાન્ય રીતે, તમે ચકૃતનો સ્પર્શ દ્વારા અનુભવ કરી શકતા નથી, કારણ કે તે પાંસળીનાં પાંજરામાં સુરક્ષિત હોય છે. ચકૃત બે મોટા વિભાગમાં વહેંચાયેલુ છે, જેને જમણું અને ડાબું લોબ કહેવામાં આવે છે. સ્વાદુપિંડ અને આંતરડાનાં ભાગો સાથે પિત્તાશય ચકૃતની નીચે રહેલું હોય છે. ચકૃત અને આ અંગો ભેગા મળી પાચન, શોષણ અને ખોરાકના વિઘટનનું કાર્ય કરે છે.

ચકૃતનું મુખ્ય કાર્ય પાચન ભાગોમાંથી આવતા રકતને શરીરના બાકીનાં ભાગોમાં પસાર થાય તે પહેલા શુધ્ધ કરવાનું છે. ચકૃત રસાયણોને વિષમુકત કરે છે અને દવાઓનું ચયાપચય પણ કરે છે. આમ કરવાના કારણે, ચકૃત પિત્તરસનો સ્ત્રાવ કરે છે જે આંતરડાઓ સુધી જાય છે. ચકૃત દ્વારા રકત ગંઠાવાની ક્રિયા અને અન્ય કાર્યો માટે જરૂરી પ્રોટીન પણ બનાવવામાં આવે છે.

**ચકૃતના રોગના પ્રકારો નીચે મુજબ છેઃ**

•*હિપેટાઈટીસ :* ચકૃતમાં બળતરા જે સામાન્ય રીતે હિપેટાઈટીસ એ, બી અને સી વાયરસ દ્વારા થાય છે. હિપેટાઈટીસના બિન-ચેપી કારણો પણ છે, જેમાં વધુ મદ્યપાન, દવાઓ, એલર્જીક પ્રતિક્રિયાઓ અથવા મેદસ્વીપણાનો સમાવેશ થાય છે.
•*સિરોસિસ :* કોઈપણ કારણસર ચકૃતના લાંબા ગાળાના નુકસાનને કારણે ચકૃતમાં કાયમી જખમ થઈ શકે છે, જેને સિરોસિસ કહે છે. ત્યારબાદ ચકૃત સારી રીતે કાર્ય કરવા અસમર્થ બને છે.
•*ચકૃત-કેન્સર :* સૌથી સામાન્ય પ્રકારનું ચકૃતનું કેન્સર જેને હેપ્ટોકયુલર કાર્સિનોમા કહે છે, સિરોસિસ થયું હોય ત્યારબાદ હંમેશા ઉદ્ભવે છે.




•*ચકૃતનું કાર્ય કરતુ અટકી જવુંઃ* ચકૃતની બિનકાર્યક્ષમતાનો ચેપ, ઘણાં કારણોમાં આનુવંશિક રોગો અને વધુ પડતાં દારૂના સેવનનો સમાવેશ થાય છે.
•*એસિસ્ટ્સ :* સિરોસિસના પરિણામ તરીકે, ચકૃત દ્વારા પેટમાં પ્રવાહી (એસિસ્ટ્સ)નો સ્ત્રાવ થાય છે, જેથી પેટ ફુલે છે તથા વજનદાર બને છે.
•*પથરી :* ચકૃતને સાફ કરનારા પિત્તાશયની નળીમાં જો પથરી અટકી જાય તો હિપેટાઈટીસ અને પિત્તાશયની નળીના ચેપમાં પરિણમે છે.

**રકત પરિક્ષણ :**

•*ચકૃત ફંકશન પેનલ :* ચકૃત ફંકશન પેનલ એ તપાસ કરે છે કે ચકૃત કેટલી સારી રીતે કાર્ય કરે છે અને તેમાં ઘણાં બધા રકત પરિક્ષણો સામેલ હોય છે.
•*એએલટી (એલનાઈન એમિનોટ્રાન્સફેરેસ) :* ઉન્નત એએલટી ચકૃતના રોગને ઓળખવા અથવા હિપેટાઈટીસ જેવા અનેક કારણે થતા નુકસાનને ઓળખવામાં મદદ કરે છે.
• *અ`અ`ર।ટી (અ`રપ।।રટ`ટ એમિનોટ્રાન્સફેરેસ) :* ઉન્નત એએલટી સાથે, એએસટી ચકૃતને થયેલા નુકસાનની તપાસ કરે છે.
•*બિલીરૂબિન :* ઊચ્ચ બિલીરૂબિનના સ્તરો ચકૃતની સમસ્યા સૂચવે છે.
•*આલ્બ્યુમિન :* કુલ પ્રોટીનના સ્તરોના ભાગરૂપે, ચકૃત કેટલી સારી રીતે કાર્ય કરે છે તે જાણવા મદદ કરે છે.
•*એમોનિયા :* જયારે ચકૃત યોગ્ય રીતે કાર્ય કરતુ ન હોય ત્યારે લોહીમાં એમોનિયાનું સ્તર વધે છે.

**ચકૃત સારવાર :**

•*હિપેટાઈટીસ એ સારવાર :* હિપેટાઈટીસ સામાન્ય રીતે સમય સાથે દૂર થઈ જાય છે.
•હિપેટાઈટીસ બી સારવાર : ક્રોનિક હિપેટાઈટીસ બીમાં વારંવાર એન્ટિવાયરલ દવા સાથે સારવારની જરૂર પડે છે.
•*ચકૃત ટ્રાન્સપ્લાન્ટ :* જયારે કોઈ કારણોસર ચકૃત યોગ્ય રીતે કાર્ય કરતુ ન હોય ત્યારે ચકૃત ટ્રાન્સપ્લાન્ટની જરૂર પડે છે.

સૌજન્યઃ
મહર્ષિ નાગાર્જુન પ્રાથમિક શાળા ક્રમાંક-૨૩૬

## સમર કેમ્પ

સાયન્સ સેન્ટર ખાતે આર્ટગેલેરીના પ્રથમ માળ પર તા. ૦૧ થી ૧૦ મે ૨૦૧૯ સુધી સમરકેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ સમરકેમ્પમાં ક્રાફ્ટ, એસ્ટ્રોનોમી અને સાયન્સ જેવા વિષય શીખવવામાં આવ્યા હતા. ૭ વર્ષ થી ૧૨ વર્ષનું ‘એ’ ગ્રુપ અને ૧૩ વર્ષ થી ૧૭ વર્ષનું ‘બી’ ગ્રુપ જેમાં વિદ્યાર્થીઓએ વિવિધ પ્રવૃતિઓ કરી હતી.







## સાયન્સ પ્રોજેક્ટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાયન્સ સેન્ટર સુરત ખાતે ‘સ્વચ્છ સુરત, હરિયાળુ સુરત’ વિષય આધારિત આર્ટ ગેલેરીના ભોંયતળિયે ‘વિજ્ઞાનમેળા’ નું આયોજન તા. ૦૩ અને ૦૪મી ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ કરવામાં આવ્યું હતું. મહર્ષિ નાગાર્જુન પ્રાથમિક શાળા ક્રમાંક-૨૩૬ના વિદ્યાર્થીઓએ 'Enemy of Swineflu' પ્રોજેક્ટ રજૂ કર્યો હતો. આજના વૈજ્ઞાનિક યુગમાં મનુષ્યને અનેક પડકારોનો સામનો કરવો પડે છે. તેમાં પોતાના સ્વાસ્થ્ય માટે અનેક પ્રયત્નો કરવા છતાં મનુષ્ય  ક્યાંક નિષ્ફળ સાબિત થાય છે. આજનો મનુષ્ય ધારે એ કામ કરી શકે છે, પણ કુદરતના અનેક કરિશ્માઓ સામે માનવને ક્યાંક લાચાર બનવું પડે છે. મનુષ્યના સ્વાસ્થ્ય માટે પણ ઘણી શોધો થઈ હોવા છતાં મનુષ્ય ધારે એ પરિણામ લાવી શકતો નથી. એવા સમયે મનુષ્ય માટે સાવચેતી એ જ સલામતી બની જાય છે.

**હેતુઃ**- વર્તમાન સમયમાં ભરખી રહેલા સ્વાઈનફ્લુ રોગ તથા તેના લક્ષણો વિશેની જાણકારી પ્રાપ્ત કરવી તથા તેને અટકાવવાનો પ્રયત્ન કરવો.

**સિદ્ધાંતઃ**- સજીવોમાં ફેલાતા સુક્ષ્મ વાયરસની ભયાનકતા. સજીવોમાં વાયરસ, બેકટેરીયા, ફુગ, જેવા સુક્ષ્મજીવો અન્ય સજીવોમાં પ્રવેશી પોતાનો વિકાસ, પ્રજનન કરી વધુને વધુ પ્રસરે છે.

**તૈયાર કરવાની વિધિઃ**- ઘર-ગથ્થુ ઉકાળો બનાવવા માટે અરડુશી-૫ નંગ, તુલસી-૧૧ નંગ, સુંઠ-૧/૨ ચમચી, હળદર-૧/૨ ચમચી, અજમો-૧/૨  ચમચી, મરી ૧૦ નંગ, ગોળ-૧/૨ ચમચી, ૧ લિટર પાણીમાં લઈ પાણી અડધુ થાય ત્યાં સુધી ઉકાળી ઠંડુ પાડીને બીજા પાત્રમાં ગાળી લેવું. ઉકાળો તૈયાર.

**ઉપયોગીતાઃ**- વિશ્વમાં ફેલાતા ભયાનક રોગ સામે રક્ષણ મેળવવું. મોંઘીઘાટ દવાના ખર્ચ થી બચી શકાય. શાળામાં બાળકોને સમુહમાં પીવડાવી શકાય જેથી બાળકોની તંદુરસ્તી જળવાઈ રહે છે.




## સાયન્સ સેન્ટર

**સાયન્સ સેન્ટરના ભોંયતળીયે ૩ડી થિયેટર તેમજ સોવેનીયર શોપ આવેલ છે. જયારે પ્રથમ માળ પર ફન સાયન્સ ગેલેરી, પ્લેનેટેરીયમ તેમજ પાવર ઓફ પ્લે ગેલેરી આવે છે. મધ્યસ્થ સ્તર પર ઓડિટોરીયમ તેમજ બીજા માળ પર ડાયમંડ ગેલેરી આવેલ છે, જયારે એન્ટરીંગ ઈન ટુ સ્પેસ ગેલેરી, કોસમોસ ગેલેરી ડેવલપ કરવાની કામગીરી ચાલુ છે.**

| ૩ડી શો | મંગળવાર થી શુક્રવાર નો સમય | શનિવાર, રવિવાર અને જાહેર રજાનાં દિવસો |
|---|---|---|
| અંગ્રેજી શો | ૦૯:૧૫, ૧૧:૨૦, ૧૨:૦૦, ૦૨:૪૦, ૦૪:૦૦ | ૧૧:૨૦, ૧૨:૦૦, ૦૨:૪૦, ૦૪:૦૦ |
| હિન્દી શો | ૧૦:૦૦, ૧૦:૪૦, ૧૨:૪૦, ૦૧:૨૦, ૦૨:૦૦, ૦૩:૨૦ | ૧૨:૪૦, ૦૧:૨૦, ૦૨:૦૦, ૦૩:૨૦, ૦૪:૪૦, ૦૫:૨૦, ૦૬:૦૦ |

| | |
|---|---|
| **સાયન્સ સેન્ટર + પ્લેનેટેરીયમ + મ્યુઝિયમ + ડાયમંડ ગેલેરી** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૧૦૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૬૫ |
| **સાયન્સ સેન્ટર + મ્યુઝિયમ + ડાયમંડ ગેલેરી** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૬૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૪૦ |
| **સાયન્સ સેન્ટર +પ્લેનેટેરીયમ+ મ્યુઝિયમ +ડાયમંડ ગેલેરી +૩ડી શો** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૧૨૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૮૦ |
| **પ્લેનેટેરીયમ** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૫૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૪૦ |
| **૩ ડી શો** | |
| ૧૮ વર્ષથી ઉપર | રૂા. ૬૦ |
| ૩ થી ૧૮ વર્ષ | રૂા. ૪૦ |

| **પ્લેનેટેરીયમ** | | | |
|---|---|---|---|
| **મંગળવાર થી શુક્રવાર** | | **શનિવાર, રવિવાર અને જાહેર રજાના દિવસો** | |
| ૦૯:૩૦ થી ૧૦:૨૦ | અંગ્રેજી | ૧૧:૩૦ થી ૧૨:૨૦ | ગુજરાતી |
| ૧૦:૩૦ થી ૧૧:૨૦ | ગુજરાતી | ૧૨:૩૦ થી ૦૧:૨૦ | અંગ્રેજી |
| ૧૧:૩૦ થી ૧૨:૨૦ | ગુજરાતી | ૦૧:૩૦ થી ૦૨:૨૦ | હિન્દી |
| ૧૨:૩૦ થી ૦૧:૨૦ | અંગ્રેજી | ૦૨:૩૦ થી ૦૩:૨૦ | હિન્દી |
| ૦૧:૩૦ થી ૦૨:૨૦ | હિન્દી | ૦૩:૩૦ થી ૦૪:૨૦ | ગુજરાતી |
| ૦૨:૩૦ થી ૦૩:૨૦ | હિન્દી | ૦૪:૩૦ થી ૦૫:૨૦ | અંગ્રેજી |
| ૦૩:૩૦ થી ૦૪:૨૦ | ગુજરાતી | ૦૫:૩૦ થી ૦૬:૨૦ | ગુજરાતી |